# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/019 Dt. 26/06/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બરમાં મુંબઇ સ્થિત ઓસ્ટ્રેલિયન કોન્સ્યુલેટ જનરલના વાઇસ કોન્સુલ મિસ્ટર યાન સિન્કલેર અને રિસર્ચ ઓફિસર ફલોરેન્સ અલ્ફોન્સો સાથે મિટીંગ યોજાઇ

### ઓસ્ટ્રેલિયામાં ડિફેન્સના યુનિફોર્મ માટે સુરતના ટેક્ષ્ટાઇલ માટે ઘણી મોટી તક છે, આ સંદર્ભે ઓસ્ટ્રેલિયાના ઉદ્યોગસાહસિકો ભવિષ્યમાં સુરતની ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીની મુલાકાત લેશે

### ચેમ્બર દ્વારા ઓગષ્ટ ૨૦૨૫ દરમ્યાન આયોજિત ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ટુરિઝમ એક્ષ્પોમાં ઓસ્ટ્રેલિયાના ટુરીઝમ બોર્ડ તથા તેમના ઉદ્યોગ સાહસિકોને ભાગ લેવા માટે આમંત્રણ અપાયું

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા બુધવાર, તા. ૨૫ જૂન ૨૦૨૫ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે મુંબઇ સ્થિત ઓસ્ટ્રેલિયન કોન્સ્યુલેટ જનરલના વાઇસ કોન્સુલ મિસ્ટર યાન સિન્કલેર અને રિસર્ચ ઓફિસર મીસ ફલોરેન્સ અલ્ફોન્સો સાથે મિટીંગ મળી હતી, જેમાં ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી અને SGCCI ગ્લોબલ કનેકટના સીઇઓ શ્રી પરેશ ભટ્ટ ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં સ્થપાયેલા વિવિધ ઉદ્યોગ – ધંધાઓ વિષે ઓસ્ટ્રેલિયન ડેલીગેશનને વિસ્તૃત જાણકારી આપી હતી. જ્યારે SGCCI ગ્લોબલ કનેકટના સીઇઓ શ્રી પરેશ ભટ્ટે ચેમ્બરના ગ્લોબલ કનેકટ દ્વારા કરાતી વિવિધ પ્રવૃત્તિઓ વિષે માહિતી આપવામાં આવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ઓગષ્ટ ૨૦૨૫ દરમ્યાન આયોજિત ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ટુરિઝમ એક્ષ્પોમાં ઓસ્ટ્રેલિયાના ટુરીઝમ બોર્ડ તથા તેમના ઉદ્યોગ સાહસિકોને ભાગ લેવા માટે તેમજ એક્ષ્પોની વિઝીટ લેવા માટે આમંત્રણ આપ્યું હતું, જેનો સહર્ષ સ્વીકાર ઓસ્ટ્રેલિયન ડેલીગેશને કર્યો હતો.

ઓસ્ટ્રેલિયન ડેલીગેશને દક્ષિણ ગુજરાતના ટેક્ષ્ટાઇલ, સોલાર, રો મટિરિયલ અને લિથિયમ સંબંધિત ઉદ્યોગો વિષે વિસ્તૃત ચર્ચા કરી હતી. આ ઉદ્યોગો સંદર્ભે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે થયેલા ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ પર ફોકસ કરવાની જરૂર છે તેમ તેઓએ જણાવ્યું હતું. ડિફેન્સ સંબંધિત ટેક્ષ્ટાઇલ મેન્યુફેકચરીંગમાં પણ તેઓએ રસ બતાવ્યો હતો. ઓસ્ટ્રેલિયામાં ડિફેન્સના યુનિફોર્મ માટે સુરતના ટેક્ષ્ટાઇલ માટે ઘણી મોટી તક છે, આથી આ અંગે ઓસ્ટ્રેલિયાના ઉદ્યોગ સાહસિકો ભવિષ્યમાં સુરતની ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીની મુલાકાત લેશે.

મુંબઇ સ્થિત ઓસ્ટ્રેલિયન કોન્સ્યુલેટ જનરલના વાઇસ કોન્સુલ મિસ્ટર યાન સિન્કલેરે જણાવ્યું હતું કે, નવેમ્બર ૨૦૨૫ દરમ્યાન ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન ખાતે ગ્લોબલ સોર્સિંગ એકઝીબીશન યોજાનાર છે, જેમાં તેમણે ચેમ્બર ઓફ કોમર્સની આગેવાનીમાં સુરતના ઉદ્યોગ સાહસિકોને ભાગ લેવા તેમજ એકઝીબીશનની મુલાકાત લેવા માટે આમંત્રણ આપ્યું હતું. સાથે જ મુંબઇ ખાતે ઓસ્ટ્રેલિયન કોન્સ્યુલેટ જનરલની ઓફિસે થતી દ્વિપક્ષીય વેપાર સંબંધિત મિટીંગોમાં તેમજ કાર્યક્રમોમાં ચેમ્બરને આમંત્રણ આપ્યું હતું.